દહેગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારના ગરીબ વર્ગના શ્રમજીવીઓનું શોષણ

સરકારી અમલદારોની માલીકો સાથેની મિલિભગતની શ્રમજીવીઓમાં જાહેર ચર્ચાઓ

દહેગામ, તા. ૯

દહેગામ તાલુકામાં આવેલ કારખાનાઓ, કંપનીઓ કે જેને મજુરને લગતાં વિવિધ કાયદાઓ લાગુ પડે છે. પરંતુ કાયદાના ચોક્કસ અમલને અભાવે અને સંબંધીત સરકારી મજુર વિભાગના અમલદારોની કારખાનાઓની મુલાકાતો, તપાસો સંદર્ભે માલીકો સાથેના મેળાપીપણાંને લઈ ગ્રામ્ય વિસ્તારના ગરીબ વર્ગના શ્રમજીવીઓનો અસહ્ય શોષણ થતું હોવાની અને આ શોષણનો ભોગ નાના શ્રમજીવીઓ બનતાં હોવાની શ્રમજીવી આલમમાં ફરિયાદો ઉઠતી રહી છે.

કાયમી પ્રકારના નિયતસરના કામ સારૂ કોન્ટ્રાકટ પદ્ધતિ ચલાવવામાં આવતી હોય તેમાં પણ બેનામી કામદારો, બેનામી રેકોર્ડ અને લાયસન્સ કે રજીસ્ટ્રેશન વિહોણા ઠેકેદારો દ્વારા કાયદાને ઘોરીને પી ગઈ જેની કોઈ દરકાર કર્યા સિવાય કેટલીક જગાએ લઘુત્તમ વેતન ધારા મુજબ વેતનો નહિ ચુકવી ઓછા વેતનો ચુકવી નિયત રેકોર્ડ પર પુરતાં વેતનો ચુકવ્યાં હોવા અંગેની સહિઓ લેવાતી હોવાનું પણ કામદારોમાં ચર્ચાય છે.

દહેગામ તાલુકાના ઝાક જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ ફેક્ટરીઓ પૈકી બે નામી કામદારો રાખવામાં આવતાં હોવાની તેમજ ઓળખકાર્ડ, હાજરી કાર્ડ, પગાર ચિઠ્ઠિ નહિ આપતાં હોવાનું સમજ મળવાપાત્ર સમયથી પ્રોવિડન્ડ ફંડ યોજનાનો લાભ નહિ અપાતો હોવા અંગેની શ્રમજીવી આલમમાં બુમો ઉઠી છે. એવું પણ સાંભળવા મળ્યું છે કે, ફેક્ટરી ઈન્સ્પેક્ટર લઘુત્તમ વેતન ધારા અધિકારી વિગેરે કારખાનાઓને લગતાં તપાસ અધિકારીઓ સરકારી રેકોર્ડએ તપાસની કામગીરી બતાવવાના નામે ફેક્ટરીઓની આવી માલીકોની ચેમ્બરોમાં બેસી ચા-પાણી-નાસ્તા કરી હપ્તાની રકમો લઈ જતાં હોવાની વાતો કામદારોમાં ઉઠતી રહી છે. સી.એમ.સ્મીથ એન્ડ કંપનીમાં કામદારોનું શોષણ થતું હોવાને લઈ કામદારોએ મજુર કાયદા પાલનની અને યોગ્ય વેતન, ઓળખકાર્ડ, હાજરીકાર્ડ, વિગેરેની રજુઆતો કરતાં આ ગ્રામ્ય વિસ્તારના અંદાજીત ૯૦ ઉપરાંત શ્રમજીવીઓને એકજ જાટકે નોકરીમાં પ્રવેશતાં અટકાવી ગેરકાયદેસર છુટા કરી દેવાતાં જેઓની ફરિયાદો દાખલ થતાં કોઈ નિવેડો નહિ આવતા નામદાર મજુર અદાલતો સમક્ષ જુદા જુદા કેસો દાલ થયેલ છે. ત્યારબાદ ગેરકાયદેસર છુટા કરેલા કામદારોની જગ્યા પર કંપનીની કાયમી અને નિયમસરની કામગીરી સારૂ કહેવાતા કોન્ટ્રાક્ટરોના નામે કામદારોની મજબુરી અને ગરીબીનો લાભ ઉઠાવી જુદાં જુદાં ગામડે વાહન મોકલી મજુરો ભરી લવાય છે. આ મજુરો સંબંધી મજુર કાયદાનું પાલન કોન્ટ્રાક્ટ અંગેનું રજીસ્ટ્રેશન, કોન્ટ્રાક્ટરનું લાઈસન્સ, કોન્ટ્રાક્ટરનો કામનો પ્રકાર કામની સમય મર્યાદા અને કામદારોની સંખ્યા તેમજ લઘુત્તમ વેતનધારાનો અમલ હાજરી કાર્ડ, ઓળખકાર્ડ, પગાર ચિઠ્ઠી, ગ્રેજ્યુટી ધારા મુજબ તેમજ બોનસ કાયદા મુજબની અમલવારી અંગે સરકારશ્રી દ્વારા સ્પેશ્યલ સ્કોવડ મોકલી ઝાક જી.આઈ.ડી.સી.માં આકસ્મીક રીતે તપાસ હાથ ધરાવવી જોઈએ તેવી શ્રમજીવી આલમમાં માંગણી ઉઠી છે.

આ સંજોગોમાં સરકારશ્રીએ ખાસ નિષ્ઠાવાન અમલદારો દ્વારા આકસ્મિક રીતે અવારનવાર જાત તપાસ હાથ ધરી આ મુજબના કૌભાંડો ચાલતા હોય તો જેને તાત્કાલિક ધોરણે અંકુશમાં મુકવા જોઈએ તેવું તાલુકાની પ્રજા ઈચ્છે છે.

પિતાના મૃત્યુ બાદ આઘાતમાં સરી પડેલા પુત્રનો આપઘાત

અમદાવાદના યુવાને નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું : બે વર્ષથી ગુમસુમ રહેતો હતો

ગાંધીનગર, તા.૯

અમદાવાદના રાયપુર વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય યુવાને ગાંધીનગર નજીક કરાઈ સાયફન નર્મદા કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે તપાસ કરી પરિવારજનો સુધી પહોંચીને પુછતાછ કરતાં પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલા પિતાના આઘાતમાં પુત્ર સરી પડયો હતો અને બે વર્ષથી ગુમસુમ રહેતો હતો. દરમિયાન ગઈ કાલે ઘરેથી નીકળી ગયા બાદ આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક કરાઈ સાયફન નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરનું ધ્યાન આજે બપોરે કેનાલના પાણીમાં તરતા યુવાનના મૃતદેહ પર ગયું હતું. તાત્કાલિક પોલીસને જાણ કરી બોલાવી લેવાતા ડભોડા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને મૃતદેહ બહાર કાઢી ખિસ્સા ફંફોસતા એક વીઝીટીંગ કાર્ડ મળી આવ્યું હતું. જેની પાછળ બોલપેનથી લખેલા એક મોબાઈલ નંબર પર પોલીસે કોલ કરતાં તરત જ યુવાનના ભાઈએ ફોન ઉપાડયો હતો. જેને આધારે મૃતક યુવાનની ઓળખ છતી થઈ હતી. અમદાવાદના રાયપુર વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય મહેશ નલીનભાઈ પ્રજાપતિ ગઈ કાલે તેની દાદીને સગાના ઘરે મુકવા નીકળ્યો હતો ત્યારબાદ પરત ફર્યો ન હતો. દરમિયાન કેનાલમાંથી મૃતદેહ આજે બપોર મળી આવ્યો હતો. પરિવારજનોને આપઘાતના કારણ અંગે પોલીસે પૃચ્છા કરતાં પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મહેશના પિતા નલીનભાઈ બે વર્ષ અગાઉ દેવલોક પામ્યા હતા ત્યારથી તે ગુમસુમ રહેતો હતો. પિતાના મૃત્યુના આઘાતમાં સરી પડેલા પુત્ર મહેશે આપાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

ગુજરાત યુનિ.માં ભ્રષ્ટાચાર વકરી રહ્યો છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ મેમ્બર ડૉ. હિમાંશુ પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના કૌભાંડી કુલપતિ ડૉ. આદેશપાલે લગભગ એક કરોડના કોન્ટ્રાક્ટમાં આવેલ તમામ ટેન્ડરોની અરજીમાંથી તેમની સાંઠગાંઠવાળી અખંડ ભારત સેનીટરી કંપનીને સૌથી ઉંચા ભાવે કોન્ટ્રાક્ટ આપ્યો. રૂ. ૧.૫૦ કરોડથી વધારે ફર્નીચરના કોન્ટ્રાક્ટમાં તેમના બંગલામાં કામ કરનારી ચિત્રા ઈન્ટીરીયર્સને વગર ટેન્ડરે ઓર્ડર આપ્યો, તેમના બંગલામાં ૧૮ લાખનો સ્વીમીંગ પુલ વગર ટેન્ડરે કોન્ટ્રાક્ટ આપ્યો તથા મુખ્યમંત્રીને શરમાવે તેવી ઝેડ પ્લસ સુરક્ષા માટે રૂ. ૩૬ લાખના બાઉન્સરોનો ખર્ચ વગર ટેન્ડરે આપ્યો. 'કીડીને કણ અને હાથીને મણ' તેવા આ ભાજપ સરકાર નિયુક્ત આ હાથીના મણનો કોટા પણ પૂરો થતો નથી અને રૂ. ૯૫ લાખના ઉત્તરવહી કૌભાંડમાં આવેલ છ અરજીઓને બાજુમાં મુકી સપ્ટેમ્બર મહિનામાં આવેલ આ ટેન્ડર અરજીઓ ઉપર કામ કરવાની જગ્યાએ સમયના અભાવે તેમજ કુલપતિ નિયુક્ત કમિટીની અતિ વ્યસ્તતાનું કારણ બતાવી તા. ૧લી ડિસેમ્બરે પ્રેસ મેનેજર નરેન્દ્ર પટેલે ડૉ. આદેશપાલના કહેવાથી આ છ કંપનીઓમાં જેનું નામ નથી, જેણે ટેન્ડર પણ ભરેલ નથી તેવી નવનીત પબ્લિકેશન કંપનીને ટેન્ડરની શરતોને આધીન ઓર્ડર પધરાવી દીધો.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આદેશપાલને આવા નિયમ વિરૂદ્ધ ફાયનાન્સ અને સિન્ડીકેટની મંજુરી સિવાય ૧૧/૪માં લીધેલ નિર્ણયોની મંજૂરી માટે પ્રેસ મેનેજર નરેન્દ્ર પટેલ, રજીસ્ટ્રાર અરવિંદ ભંડારી તેમજ કુલપતિ ડૉ. આદેશપાલની ત્રિપૂટીએ તેમને લાગતી વળગતી કંપનીને ગુજરાત યુનિવર્સિટીના ૬૦ વર્ષના ઈતિહાસમાં પોતાના અંગત સ્વાર્થમાં વગર ટેન્ડરે કોન્ટ્રાક્ટ આપી દીધો.

પરંતુ આ ત્રિપુટી ભૂલી ગઈ કે (૧) જે કંપનીએ ટેન્ડર જ નથી ભર્યું, તેથી તેનું કોમર્શિયલ બીડ ન જ હોય. જેથી તેણે કોઈ ભાવ દર્શાવ્યા ન જ હોય, તો પણ તેને રૂ. ૯૫ લાખનો માલ કે જેમાં જે કંપનીએ આગળના વર્ષે આ જ ઉત્તરવહી ૩.૫૦ રૂપિયામાં (૨૪ પેજ) આપેલ તેમજ ૮ પાનાની ઉત્તરવહી ભાવ રૂ. ૧.૮૬ રૂપિયા, જુના ભાવ ૧.૫૦ તેમજ સ્ટીકરનો ભાવ ૨૬ પૈસા, જુનો ભાવ ૧૫ પૈસા નવનીતનો આવ્યો અને જેણે ટેન્ડર જ નથી ભર્યું તે કંપનીને અગાઉના વર્ષની સરખામણીએ ૪૦ ટકા ભાવવધારો ક્યા પાવરથી આપ્યો ? અને કોણે આપ્યો ? જે તા. ૧ ડીસેમ્બરના કાગળમાં આ અંગે કોઈ જ ઉલ્લેખ નથી, જેનો જવાબ આપવો પડશે. (૨) જે કંપનીએ લેખીતમાં યુનિવર્સિટીની ટેન્ડરીંગ પ્રક્રિયામાં ભાગ નથી લીધો કે કંપનીને ટેન્ડરમાં દર્શાવેલ ૮ પેજની ઉત્તરવહી ૧૦ લાખની જગ્યાએ ૨૦ લાખનો ઓર્ડર ડબલ કેવી રીતે આપી શકાય તેમજ ૩૫ લાખ સ્ટીકરની જગ્યાએ ૪૦ લાખ સ્ટીકરનો ઓર્ડર કેવી રીતે આપી શકાય. તા. ૪-૨-૨૦૧૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીની બલીહારી એવી છે કે નવનીત કંપનીને ૨૪ પાનાની ૧૦ લાખ, ૮ પાનાની ૨૦ લાખ અને ખાખી સ્ટીકર ૪૦ લાખ, ટેન્ડરની શરતોના પાલન કરવાની શરતે અપાયો. જેમાં ભાવનો ઉલ્લેખ કર્યો નથી. જે ડૉ. આદેશપાલના કૌભાંડનું એવરેસ્ટ શીખર જેવું કામ છે. (૩) આવનારા સમયમાં પ્રેસ મેનેજર નરેન્દ્ર પટેલ રજીસ્ટ્રાર, ઈન્ચાર્જ અરવિંદ ભંડારી, કુલપતિ ડૉ. આદેશપાલે પોતાની સત્તાના જોરે ગુજરાત યુનિવર્સિટીમાં જે રીતે નિયમ વિરુદ્ધ ફાયનાન્સ કમિટી કે સિન્ડીકેટને વિશ્વાસમાં લીધા સિવાય ૧૧/૪ હેઠળ નિર્ણય લઈ વિદ્યાર્થીઓના પૈસે લૂંટ ચલાવી રહ્યા છે અને ભ્રષ્ટ્રાચાર કરી રહેલ છે. આના અનુસંધાનમાં ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં કાર્યરત ન બની હોય તેવી ઘટનાને કોર્ટમાં પડકારવામાં આવશે અને જેમાં નવનીત કંપનીએ પણ જવાબ આપવો પડશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આદેશપાલ લગામ વિનાના ઘોડાની જેમ 'સબકા માલિક એક'ની જેમ ગુજરાત યુનિવર્સિટીના સર્વેસર્વા સરમુખત્યાર બની તમામ કાયદાઓને બાજુમાં મૂકી મનસ્વી રીતે આવા નિર્ણયો લે છે, જે નિર્ણયોને અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ સુધી લઈ જવામાં આવશે.

સે-૧ ઉમાં ઘર પાછળ સંતાડેલી દારૂની ત્રણ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં સ્થિત અને રાષ્ટ્રીય સ્તર સુધી ખ્યાતનામ સ્થળ એવા મહાત્મા મંદિરથી થોડે જ દુર સે-૧ ઉના છાપરા વિસ્તારમાં સે-૭ પોલીસે આજે બપોરે બાતમીને આધારે દરોડો પાડયો હતો અને પાછળના વાડામાં સંતાડેલી વિદેશી દારૂની ત્રણ બોટલો ત્યાંથી મળી આવી હતી. સે-૭ પોલિસે ત્રણ બોટલ કબ્જે લઈ દારુ રાખનાર શખ્સની ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગરનાં સેકટર-૧ ઉના છાપરા વિસ્તારમાં વિદેશી દારુની બોટલોની ખેપ મરાતી હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે આજે બપોરે બે વાગ્યે તે શખ્સના ઘરે દરોડો પાડયો હતો. ઘરમાંથી દારુની બોટલો ન મળતા પોલીસે પાછળના વાડામાં ચેકીંગ કર્યુ હતું. વાડામાંથી ત્રણ નંગ વિદેશી દારુની બોટલો મળી આવતા પોલીસે રૂ. ૧૦૫૦ની કિંમતની ત્રણેય બોટલ જપ્ત કરી લઈને સે-૧ ઉના છાપરામાં રહેતા શખ્સ રણજીત રામાજી ઠાકોરની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આ શખ્સ દારુની બોટલો ક્યાંથી લાવ્યો હતો અને કયારથી આ ધંધો કરે છે તે સહિતની તપાસ માટે પુછપરછ શરુ કરી છે.

જિલ્લામાં મોતીપુરા ગામની મહિલા પાણી સમિતિ રાજ્યમાં પ્રથમ ક્રમે

રાજ્યની ૧૮ હજાર પાણી સમિતિઓની સ્પર્ધામાં મોતીપુરાની મહિલાઓ અવ્વલ : ૩૫ હજારનું ઈનામ

ગાંધીનગર, તા. ૯

વાસ્મો દ્વારા રાજ્યની પાણી સમિતિઓને પ્રોત્સાહિત કરવા ગત વર્ષથી પાણી સમિતિ પુરસ્કાર યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અન્વયે

યોજાયેલી સ્પર્ધામાં જિલ્લાની મોતીપુરા ગામની મહિલા પાણી સમિતિમાં રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવી રૂ. ૩૫ હજારનો પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવ્યું છે. એટલુ જ નથી પરંતુ શ્રેષ્ઠ પાણી સમિતિમાં પણ બીજો નંબર હાંસલ કર્યો છે.

રાજ્યમાં પેયજળ વ્યવસ્થાપનમાં લોકભાગીદારીના અભિગમ સાથે નવતર આયોજન

કરવામાં આવ્યુંછે. આ આયોજનમાં રાજ્યની વિવિધ પાણી સમિતિઓનો પણ અમુલ્ય ફાળો રહ્યો છે. રાજ્યની ૧૮ હજાર પાણી સમિતિઓને પ્રોત્સાહિત કરવા તેમજ સમિતિઓ પ્રેરણારૂપ બને તે માટે વાસ્મો દ્વારા ગત વર્ષથી પાણી સમિતિ પુરસ્કાર યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કક્ષાએ, ઝોન કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ પાણી સમિતિઓની સ્પર્ધા યોજીને શ્રેષ્ઠ સમિતિને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૨૯૫ ગામો પૈકી ૨૪૯ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે ૨૦૭ ગામની પીવાના પાણીની યોજના પાણી સમિતિઓ મારફતે પુર્ણ કરી યોજનાના સંચાલન અને જાળવણીની જવાબદારી સંભાળવામાં આવી રહી છે.

વાસ્મોની પાણી સમિતિ પુરસ્કાર યોજનામાં પ્રથમ જિલ્લા કક્ષાએ આ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૦૭ ગામની પાણી સમિતિઓમાંથી ત્રણ પાણી સમિતિઓની પસંદગી થઈ હતી. જેમાં પ્રથમ નંબર માણસા તાલુકાની મોતીપુરા મહિલા પાણી સમિતિનો, બીજો નંબર સતત છ વર્ષથી સારી રીતે વહીવટ કરતી ઈશ્વરપુરા પાણી સમિતિનો તેમજ ત્રીજો નંબર પોતાની આગવી અદાથી વહીવટમાં પારદર્શકતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડનાર કલોલ તાલુકાની પ્રતાપપુરા પાણી સમિતિનો આવ્યો છે.

આ પાણી સમિતિઓમાંથી પ્રથમ અને બીજા નંબરે આવેલી પાણી સમિતિઓની સ્પર્ધા ઝોન કક્ષાએ અન્ય જિલ્લાની પાણી સમિતિઓ સાથે થઈ હતી.

ઝોન કક્ષાની સ્પર્ધામાં ઝોન-૨માં સમાવેશ અમદાવાદ, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, આણંદ અને ગાંધીનગર મળી ૮ જિલ્લાની જિલ્લાકક્ષાની પાણી સમિતિ પુરસ્કારમાં પ્રથમ બે ક્રમે આવેલી ૧૬ પાણી સમિતિઓની સ્પર્ધા ઝોન કક્ષાએ કરવામાં આવી હતી. આ ઝોન કક્ષાની સ્પર્ધામાં મોતીપુરા મહિલા પાણી સમિતિએ બીજો નંબર પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે વાસ્મોએ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ૨૭ જિલ્લા/યુનીટમાંથી પસંદ થયેલ ત્રણ-ત્રણ પાણી સમિતિઓ મળી ૮૧ પાણી સમિતિઓ અને ઝોન કક્ષાએ પાંચ ઝોનમાંથી બે-બે પાણી સમિતિઓ મળી ૧૦ શ્રેષ્ઠ પાણી સમિતિઓ માટે રાજ્ય કક્ષાની પાણી સમિતિ પુરસ્કાર યોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ રાજ્ય કક્ષાએ ગાંધીનગર જિલ્લાની મોતીપુરા મહિલા પાણી સમિતિએ શ્રેષ્ઠ મહિલા પાણી સમિતિએ પ્રથમ નંબર તેમજ શ્રેષ્ઠ પાણી સમિતિમાં દ્વિતિય નંબર મેળવ્યો છે.

આગામી સમયમાં વાસ્મો દ્વારા મોતીપુરા (વેડા) પાણી સમિતિને રૂ. ૩૫,૦૦૦ ઈનામ તેમજ પ્રમાણપત્રથી એનાયત કરવામાં આવનાર છે. જેની સાથે સાથે ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિનાં સભ્ય સચિવ આર.એમ. મહેરીયા તેમજ કો-ઓર્ડીનેટર ડૉ. સ્નેહલ મકવાણાનું પણ સન્માન કરવામાં આવશે.

શબ્દાવલી - ૫૦૬૦



આડી ચાવી

૧. ઘણાને... યોગ હોય છે તેની વિધિ કરાવવી પડે (૪)
૩. સાવ થોડીક કિંમતે, ... રકમ (૩)
૭. ફળોનો ગર્ભ (૨)
૮. બદલો લઈ લે, ... પીધા વગરનો ઉપવાસ (૪)
૯. કંઈ પણ ખાધા પીધા વગરનો ઉપવાસ (૪)
૧૧. મીણબત્તી, જયોત (૨)
૧૩. સ્વ..., અભિમાન (૨)
૧૪. અગ્નિ, ... લાગે ત્યારે કુવો ન ખોદાય (૨)
૧૫. તટ, કિનારો (૩)
૧૬. યુધિષ્ઠિરનું હથિયાર (૨)
૧૭. રાજાઓ તેમના જમાનામાં વેશ પલટો કરી... જોવા નીકળતા (૫)
૧૯. રૂચિ-ઈચ્છા ન થવી (૩)
૨૦. પીડા-તકલીફ

ઊભી ચાવી

૧. હલાવીને મેળવવું (૪)
૨. અંગ કસરતના દાવ બતાવતો ખેલ (૪)
૪. દિલ, ઉર (૩)
૫. નદી પાસે ખાડો ખોદી ને પાણી કાઢી તેને... કહેવાય (૩)
૬. ઉપવાસ, ધરણા (૪)
૧૦. અલ્પવિરામ, અર્ધવિરામ (૨)
૧૪. (જૈનધર્મમાં) દોષની કબૂલાત કરી પ્રાયશ્ચિત કરવું (૪)
૧૬. ઈન્ડિયા, ... મારો દેશ છે (૩)
૧૮. જતા રહ્યા (૨)

શબ્દાવલી ૫૦૫૯ના જવાબ

આડી ચાવી :- (૧) વ્યથિત (૩) ગરકાવ (૬) કલરવ (૭) નમાલા (૯) ઘન (૧૦) લાદી (૧૧) રાબ (૧૨) જમા (૧૪) માલ (૧૫) યોગી (૧૮) અનાર (૧૯) જોમ (૨૧) રબ (૨૨) સોગન

ઊભી ચાવી :- (૧) વ્યસન (૨) તકવાદી (૩) ગરમાળો (૪) રવ (૫) વચનબદ્ધ (૮) માલામાલ (૯) ધરા (૧૨) જમાદાર (૧૩) સાયોનારા (૧૬) ગીર (૧૭) સંજોગ (૨૦) મન

પેટા ચૂંટણીઓ અંગે મોવડીમંડળ સાથે પરામર્શ કરવા ગુજરાતના બે નેતાઓ દિલ્હી ભણી

ગાંધીનગર, તા. ૯

પેટા ચૂંટણીઓ આરે ઉમેદવારોની પસંદગીના મામલે ગુજરાત કોંગ્રેસના બે નેતાઓ આજે દિલ્હી મોવડીમંડળ સમક્ષ રજુઆત માટે ગયા છે. ગુજરાતની પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠકો અને વિધાનસભાની ચાર બેઠકો માટે સંભવિત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પ્રદેશ નેતાગીરી દ્વારા શરૂ કરવામાં આવી છે. બે દિવસ અગાઉ કોંગ્રેસના પ્રદેશ નેતાઓની એક બેઠક મળી હતી. જેમાં આ તમામ બેઠકો પરની સ્થાનિક જ્ઞાતિ સમીકરણો અંગેનો તાગ મેળવવામાં આવ્યો હતો.

પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામોની એક યાદી લઈને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયા અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આજે દિલ્હી ગયા છે. આ નેતાઓ મોવડીમંડળ સાથે બેઠક કરીને ગુજરાતની પેટા ચૂંટણીઓ સંદર્ભે ચર્ચા કરીને પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠકો પરના જ્ઞાતિસમીકરણો અંગેનો અહેવાલ આપીને સંભવીત ઉમેદવારોની યાદી પણ સુપરત કરનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા લોકસભા બેઠક પર સ્વર્ગસ્થ સાંસદ મુકેશ ગઢવીના પરીવારના એક સભ્યની ટીકીટ નિશ્ચિત મનાઈ રહી છે. જ્યારે મોરવારડફ વિધાનસભા બેઠક પર પણ સ્વર્ગસ્થ ધારાસભ્યના પતીનું નામ પણ નિશ્ચિત મનાઈ રહ્યું છે. જ્યારે લીંબડી બેઠક પર પણ સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ પટેલના પુત્રનું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે.

પોરબંદર લોકસભા બેઠક ઉપરાંત ધોરાજી અને જેતપુર વિધાનસભા બેઠક પર કોંગ્રેસે પોતાના જ સામે ચૂંટણી લડવાની હોઈ આ બેઠક પર કોંગ્રેસ માટે કપરા ચઢાણ હોઈ આ ત્રણે બેઠકો માટે મોવડીમંડળ સાથે પરામર્શ કરીને જીતી શકે તેવા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

ચૈત્ર માસ દરમિયાન ૧૨૫૦૦ લીટર લીમડાના રસનું થયેલું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૯

ચૈત્ર માસ પૂરો થતા લીમડાના ફૂલપાનના રસનું નિઃશુલ્ક વિતરણનું ગુરૂવારે સમાપન કરવામાં આવ્યું હતું. લીમડાના રસનું વિતરણ કરતા અનિલભાઈ જોશીએ જણાવ્યું છે કે આ વર્ષે ચૈત્ર માસમાં અંદાજીત ૧૨૫૦૦ લીટર લીમડાના રસનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૧૯ વર્ષથી લીમડાંના ફૂલપાનનાં રસનું નિઃશુલ્ક વિતરણ કરતાં અનિલભાઈ જોશીના નિવાસસ્થાને (પ્લોટ નં. ૧૫૦/૨, સે-૬/બી) આ વીસમા વર્ષે આજરોજ ગુરુવારે ચૈત્ર માસ પૂરો થતાં લીમડાનાં રસનાં વિતરણનું સમાપન કરવામાં આવ્યું હતું અને રસપાન કરનારાં સૌ ભાઈ-બહેનો અને બાળકોનું સ્વાસ્થ્ય સદા નિરોગી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને આવતા વર્ષે ચૈત્ર માસમાં સવિશેષ ભાઈ-બહેનો અને બાળકો સાથે રસપાન કરવા પધારવા આગોતું નિમંત્રણ આપ્યું હતું.

ચૈત્ર માસના પ્રથમ પંદર દિવસ રોજનો આશરે ૬૦૦ લીટર રસ પીવાતો હતો અને પછીના દિવસોમાં રોજનો આશરે ૨૫૦ થી ૩૦૦ લીટર રસ પીવાતો હતો. રસ પીનારાની સંખ્યા વધુ હોવાથી સેકટર-૩નો જાહેર બગીચો, સેકટર-૪નો જાહેર બગીચો તેમજ સેકટર-૫ ખાતે હરેશભાઈ મોદી, પ્લોટ નં. ૩૬૬/૧ ખાતે ત્રણ નવા પેટા વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતાં અને ચૈત્ર માસનાં પ્રથમ પંદર દિવસ અનિલભાઈના નિવાસસ્થાનેથી રસનાં કેન લઈ જઈ, ઉકત સબ કેન્દ્રો પર નિઃશુલ્ક વિતરણ કરવામાં આવતું હતું.

વિશેષમાં જે બાળકો લીમડાનો રસ પીવે, તેમને દર વર્ષની માફક આ વર્ષે પણ ચોકલેટ આપવામાં આવતી હતી, જેથી બાળકો લીમડાનો રસ પીવે અને નિરોગી રહે.

આ લીમડાનાં રસનાં વિતરણના મહાયજ્ઞમાં અનિલભાઈનું કુટુંબ ઉપરાંત નિલેન્દુ વોરા, ભરતભાઈ લીંબાચીયા, હિતેન્દ્ર ભાવસાર, ચંદ્રપ્રકાશ ગોસાઈ વગેરેએ ચૈત્ર માસ દરમિયાન રોજ વ્હેલી સવારે ૪-૦૦ વાગ્યાથી લીંબડો લાવવો, તેને ધોઈ સાફ કરવો અને તેના ફૂલપાન છૂટા પાડવા વગેરેની પાયાની સેવા આપી હતી.

રેશનલ સમાજ ગાંધીનગરનું ૧૧મીએ જાહેર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૯

રેશનલ સમાજ ગાંધીનગરની નિયમિત મળતી માસિક બેઠક આવતી કાલે તા.૧૧મી મે ૨૦૧૩ને શનિવારે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સાંજે ૫ કલાકે મળશે. રેશનલ સમાજની માસિક બેઠકમાં ગુજરાતના પ્રખર રેશનાલીસ્ટ અને ચિંતક ડૉ. જેરામ દેસાઈ ઉપસ્થિત રહેશે અને 'ગુજરાતમાં રેશનલ પ્રવૃત્તિનો વિકાસ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. બેઠક દરમિયાન ડૉ. જરામ દેસાઈ લિખિત રેશનલ ગ્રંથ 'વહેમ અંધશ્રદ્ધા નિષેધ' (પાના ૬૧૫) જેની મૂળ કિંમત ૩૦૦ છે જે રાહતના દરથી ફકત ૬૫ની કિંમતે આપવામાં આવશે.

કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાથરશે. ફિલ્મ સંગીત ક્ષેત્રે પોતાના અવાજથી આગવી ઓળખ મેળવી યુવા વર્ગને ઘેલું લગાડનાર કૈલાસ ખેર સુફી પ્રકારના ગીતોથી શ્રોતાવર્ગને રસતરબોળ કરશે. યુવા દિલોની ધડકન ગણાતા કૈલાસ ખેરે યુવાનોમાં સુફી સંગીતનો ક્રેઝ વધાર્યો છે. તેમાં તેઓ તેમનું કૈલાસા બેન્ડ લઈને નગરમાં ગ્રીષ્મોત્સવની સાંજને સૂરોથી સજાવશે. ગ્રીષ્મોત્સવ દરમિયાન સંસ્થાના સભ્યો માટે ફોરમ નામના મેગેઝીનનું પણ વિમોચન કરવામાં આવશે. સંસ્થાના સભ્યોનો સામાજિક સંપર્ક વધે અને એકમેકની વધુ નજીક આવે તે માટે સંસ્થા દ્વારા દર બે માસના અંતે આ મેગેઝીન બહાર પાડવામાં આવશે. દ્વિમાસિક મેગેઝીન સભ્યોને વિના મૂલ્યે મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે.

સુધારો

માહિતી કમિશનરની કચેરી, ગાંધીનગરના બિનઉપયોગી અને નકામા ફર્નિચરના નિકાલની સાથે માહિતી અને પ્રસારણ વિભાગના બિન ઉપયોગી અને નકામા ફર્નિચરના સમગ્ર જથ્થાનો નિકાલ કરવાનો રહે છે. અગત્યની તારીખો નીચે મુજબ છે.

(૧) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૪-૫-૧૩
(૨) ટેન્ડર પરત કરવાની છેલ્લી : ૨૭-૫-૧૩
(૩) હરાજીની તા. ૩૦-૫-૧૩

માહિતી/૨૮૬/૧૩-૧૪